પ્રકરણ 5

ઇન્ડિયા અર્થાત્ ભારત

ભારતમાં પ્રારંભિક કાળથી જ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક એકતા સ્થાપિત થઈ ગઈ હતી જે હિમાલય અને બે સમુદ્ર વચ્ચે માનવતાની આ મહાન જીવનધારાનું અભિન્ન અંગ બની ગઈ.

— શ્રી અરવિંદ



ચિત્ર 5.1 લગભગ 2300 વર્ષ પહેલાં ગ્રામીણ ભારતનું એક દૃશ્ય (મહાન સાંચી સ્તૂપનું ઉત્તર દ્વાર)

મહત્ત્વપૂર્ણ પ્રશ્નો

1. આપણે ભારતને કેવી રીતે વ્યાખ્યાયિત કરી શકીએ ?
2. ભારતનાં પ્રાચીન નામ કયાં હતાં ?

H8J7F4



આકૃતિ 5.2 ભારતીય ઉપખંડનો ભૌતિક નકશો, જેમાં તેની કેટલીક નદીઓ છે.

આજનું ભારત એક આધુનિક રાષ્ટ્ર છે, જેમાં નિર્ધારિત સીમાઓ, રાજ્યો અને નિશ્ચિત વસતી છે. જો કે 500, 2,000 કે 5,000 વર્ષ પહેલાં તે વર્તમાનથી ખૂબ જ અલગ હતું. વિશ્વના આ ભાગને આપણે ઘણીવાર 'ભારતીય ઉપખંડ' કહીએ છીએ. તે જુદા જુદા નામે ઓળખાતું રહ્યું છે. તેની સીમાઓ પણ બદલાતી રહી છે. વિવિધ સ્રોતોમાંથી આપણે ભારતના ભવ્ય ભૂતકાળ અને વિકાસ યાત્રા વિશે જાણી શકીએ છીએ. તો આવો, જાણીએ.

ચાલો, વિચારીએ

આ પ્રકરણની શરૂઆતમાં આપેલા ભારતીય ઉપખંડના ભૌતિક નકશાનો અભ્યાસ કરો. તેની કઈ કઈ કુદરતી સીમાઓ છે, જેને તમે ઓળખી શકો છો ?

ઇતિહાસનો આ ક્રમ ભારતના **નિવાસીઓ** અને વિદેશથી આવેલા મુલાકાતીઓ દ્વારા જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે. આ નામ પ્રવાસીઓ અને પ્રાચીન ગ્રંથો, યાત્રાળુઓનાં પ્રવાસ વર્ણનો અને શિલાલેખોમાં મળે છે.

નિવાસીઓ :
જે લોકો કોઈ ચોક્કસ સ્થાન વિશેષમાં વસે છે.

ભારતીયોએ ભારતનું નામ કેવી રીતે રાખ્યું

ઋગ્વેદ ભારતનો સૌથી પ્રાચીનતમ ગ્રંથ છે. આપણે પ્રકરણ 7માં જોઈશું તો ખ્યાલ આવે છે કે તે હજારો વર્ષ જૂનો છે. આ ગ્રંથમાં ઉપખંડના ઉત્તર-પશ્ચિમ પ્રદેશનું નામ 'સપ્ત સૈંધવ' એટલે કે 'સાત નદીઓની ભૂમિ' એવું છે. 'સૈંધવ' શબ્દ સિંધુ પરથી આવ્યો છે જેનો અર્થ 'સિંધુ' નદી થાય છે કે એક નદી વિશેષ એવો થાય છે.



આકૃતિ 5.3 ભારતીય ઉપખંડનો ઉત્તર પશ્ચિમ વિસ્તાર

સમય જતાં સાહિત્યમાં ભારતના અન્ય પ્રદેશોનાં નામ પણ મળી આવે છે. મહાભારત ભારતના પ્રસિદ્ધ ગ્રંથો પૈકીનો એક છે તેના વિશે આપણે 'આપણો સાંસ્કૃતિક વારસો અને જ્ઞાન પરંપરાઓ'માં શીખીશું. રસપ્રદ વાત એ છે કે તેમાં અનેક ક્ષેત્રોની યાદી આપવામાં આવી છે, જેમ કે - કાશ્મીર (આજનું કશ્મીર), કુરુક્ષેત્ર (હાલના હરિયાણાનો ભાગ) બંગ (વંગ) (બંગાળનો ભાગ), પ્રાગજ્યોતિષ (આસામનો કેટલોક ભાગ), કચ્છ (આજનું કચ્છ) અને કેરલ (હાલનું કેરળ) વગેરે.

ચાલો, શોધીએ



શું તમે પાના નં-79 પર આપેલ (આકૃતિ 5.4)માં દર્શાવેલાં કેટલાંક ક્ષેત્રોને ઓળખી શકો છો ? તમે જે ક્ષેત્રો વિશે સાંભળ્યું હોય તેની યાદી બનાવો.

વાસ્તવમાં સંપૂર્ણ ભારતીય ઉપખંડ માટે આપણને ખરેખર ક્યારે નામ મળ્યું ? તે જાણી શકાયું નથી કેમ કે પ્રાચીન ભારતીય ગ્રંથોનો સમયગાળો નક્કી કરવો તે ખૂબ મુશ્કેલ છે. તેથી આ પ્રશ્નોનો ઉત્તર આપવો સહેલો નથી. મહાભારતમાં 'ભારતવર્ષ' તથા 'જંબૂદ્વીપ' શબ્દોનો ઉલ્લેખ જોવા મળે છે તથા સામાન્ય રીતે વિદ્વાનો આ વાતથી સહમત છે કે 200 સા.સં.પૂર્વ (BCE) ની કેટલીક સદીઓ પહેલાં આ મહાકાવ્ય લખવાનું શરૂ થયું હતું.

પ્રથમ શબ્દ 'ભારતવર્ષ' સ્પષ્ટ રૂપે સંપૂર્ણ ઉપખંડ માટે આ ગ્રંથમાં અગણિતવાર વપરાયો છે. અને આ ગ્રંથમાં અસંખ્ય નદીઓ અને લોકોનાં નામ સામેલ છે. ભારતવર્ષનો અર્થ ભરતનો દેશ એવો પણ છે. 'ભરત' એ નામ છે જેનો ઉલ્લેખ સર્વપ્રથમ ઋગ્વેદમાં થયો હતો. ત્યાં એનો અર્થ "લોકોનો એક મુખ્ય વૈદિક સમૂહ" એવો કરવામાં આવ્યો છે. પછીના સાહિત્યમાં વિવિધ મહારાજાઓ માટે 'ભરત' નામનો ઉલ્લેખ થયેલ જોવા મળે છે.

બીજા શબ્દ 'જંબૂદ્વીપ'નો અર્થ જાંબુના વૃક્ષની ભૂમિ એવો થાય છે તે જાંબુ મોટા ભાગે ભારતમાં બધે જ જોવા મળતું એક સામાન્ય વૃક્ષ છે જેને 'જાંબુ વૃક્ષ', 'મલબાર પ્લમ' કે 'જામુન વૃક્ષ' વગેરે કહે છે. જંબૂદ્વીપ ભારતીય ઉપખંડનો પર્યાય બની ગયો.

ખરેખર તો આ વિશે આપણને એક ભારતીય સમ્રાટ અશોક દ્વારા ખૂબ સારો સંકેત મળે છે તેમના વિશે આપણે પછી જાણીશું. અત્યારે તો આપણે એમનો સમયગાળો લગભગ 250 સા.સં.પૂ. (BCE) માની શકીએ. જો કે તેમણે આપણા માટે ઘણા બધા શિલાલેખ (પથ્થર ઉપર કોતરીને લખાયેલ લેખ) કોતરાયેલા છે.



આકૃતિ 5.4 મહાભારતમાં સૂચિબદ્ધ કેટલાંક ક્ષેત્રોને દર્શાવતો નકશો (પ્રકરણમાં કેટલાંક ક્ષેત્રોનો ઉલ્લેખ રાજ્યો તરીકે પણ કર્યા છે.) તમારે આ ક્ષેત્રોને યાદ રાખવાની જરૂર નથી, પરંતુ ધ્યાન રાખશો કે તેનો વિસ્તાર ઉપખંડના સંપૂર્ણ ભૌગોલિક ક્ષેત્રમાં મળી આવે છે.

તેમાંથી એક શિલાલેખમાં તેઓએ સંપૂર્ણ ભારતનું વર્ણન કરવા માટે 'જંબૂદ્વીપ' નામનો ઉપયોગ કર્યો છે. તે સમયે તેમાં આજના બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના ભાગોનો પણ સમાવેશ થયેલો જોવા મળે છે.

કેટલીક સદીઓ પછી ભારતીય ઉપખંડ માટે સામાન્ય રીતે ભારત નામનો ઉપયોગ થવા લાગ્યો હતો તે એક પ્રાચીન ગ્રંથ 'વિષ્ણુ પુરાણ'માં આપણે લખેલું વાંચીએ.



આ નામ 'ભારત' આજે પણ ઉપયોગમાં છે. ઉત્તર ભારતમાં તેને સામાન્ય રીતે 'ભારત' લખે છે, જ્યારે દક્ષિણ ભારતમાં 'ભારતમ્' લખવામાં આવે છે.

ચાલો, વિચારીએ

શું તમે 'હિમાચ્છાદિત પર્વતો'ને ઓળખો છો ? શું તમે વિચારી શકો કે ભારતની આ સંક્ષિપ્ત સમજ યોગ્ય છે ?

તે જાણવું રસપ્રદ છે કે ભારત માટે દેશના વિભિન્ન ભાગોએ એક સમાન પરિભાષા અપનાવી છે. ઉદાહરણ તરીકે 2,000 વર્ષ પહેલાં પ્રાચીન તમિલ સાહિત્યની એક કવિતામાં એક એવા રાજાની પ્રશંસા કરવામાં આવી છે જેનું નામ "દક્ષિણમાં કેપ (Cape) કુમારીથી ઉત્તરના મહાન પર્વત સુધી અને પૂર્વના મહાસાગરથી પશ્ચિમના મહાસાગર" સુધી જાણીતું હતું. 'ઉત્તરના મહાન પર્વતને હવે તમે ઓળખી શકો છો અને કેપ (Cape)કુમારી'ની ઓળખ કરવી તે તમારા માટે અઘરી ન હોવી જોઈએ. આના પરથી જણાય છે કે પ્રાચીન ભારતીયો પોતાની ભૂગોળ ખૂબ સરસ રીતે જાણતા હતા.



ચૂકશો નહીં

ભારતીય **બંધારણ**, જે સર્વ પ્રથમ અંગ્રેજીમાં લખાયું હતું. તેની શરૂઆતમાં જ 'ભારત એટલે કે ઈન્ડિયા 'India that is Bharat' વાક્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બંધારણાના હિન્દી અનુવાદમાં પણ 'ભારત અર્થાત્ ઈન્ડિયા'નો ઉલ્લેખ કરાયો છે.

બંધારણ:
એક દસ્તાવેજ જે રાષ્ટ્રના મૂળભૂત સિદ્ધાંતો અને કાયદાઓને દર્શાવે છે. ભારતીય બંધારણ, જેનો અભ્યાસ ધોરણ-7માં કરવામાં આવશે, તે 1950 માં અમલમાં આવ્યું.

ચાલો, શોધીએ

ચિત્ર 5.5 (પાના નં-82)માં ભારતના બંધારણના પ્રથમ પાનામાં શું તમે "ઈન્ડિયા એટલે ભારત'' એ સમજી શકો છો ?

વિદેશીઓએ કેવી રીતે ઈન્ડિયા નામ આપ્યું

વિદેશીઓમાં સર્વપ્રથમ પ્રાચીન ઈરાન (પર્સિયા)ના નિવાસીઓએ 'ભારત'નો ઉલ્લેખ કર્યો હતો. છઠ્ઠી સદી સા.સં.પૂ. (BCE) એક ફારસી સમ્રાટે સૈન્ય અભિયાનનો આરંભ કર્યો હતો અને સિંધુ નદીનું ક્ષેત્ર, જેને 'સિંધુ' તરીકે ઓળખવામાં આવે છે. તેના પર નિયંત્રણ મેળવ્યું હતું. તેથી, આ આશ્ચર્ય નથી કે આપણા પ્રારંભિક લેખો અને શિલાલેખોમાં ફારસીઓ દ્વારા ભારતને 'હિંદ', 'હિદુ' અથવા 'હિંદુ' એવો નિર્દેશ કર્યો હતો જે એમની ભાષામાં 'સિંધુ'નું રૂપાંતરણ હતું. (ધ્યાન રાખો કે પ્રાચીન ફારસીમાં 'હિંદુ' સંપૂર્ણપણે એક ભૌગોલિક શબ્દ છે. અહીં તે હિંદુ ધર્મથી સંદર્ભિત નથી).

આજ ફારસી સ્રોતોના આધાર પર પ્રાચીન યુનાનીએ આ ક્ષેત્રને 'ઇન્ડોઇ' અથવા 'ઇન્ડિકે' નામ આપ્યું હતું તેઓએ હિંદ શબ્દનો પહેલો અક્ષર 'હ' કાઢી નાંખ્યો હતો કેમ કે તે અક્ષર યુનાની ભાષામાં ન હતો.

સિંધુ → હિંદુ → ઈન્ડોઈ/ઈન્ડીકે

પ્રાચીન ચીની લોકોએ પણ ભારત સાથે સંપર્ક સ્થાપિત કર્યો હતો તેઓએ વિવિધ ગ્રંથોમાં 'ઇન્ડિયા'નો ઉલ્લેખ 'યિન્તુ' અથવા 'યિંદુ' કર્યો છે. તે પણ મૂળ તો 'સિંધુ' પરથી આવેલો છે.

સિંધુ → હિંદુ → ઇંદુ → યિંદુ



ભારતનું સંવિધાન
ભાગ 1
સંઘ અને તેનું રાજ્યક્ષેત્ર

1. (1) ઇન્ડિયા અર્થાત ભારત રાજ્યોનો સંઘ રહેશે.
1[(2) તેનાં રાજ્યો અને રાજ્યક્ષેત્રો પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબ રહેશે.]

સંઘનું નામ અને તેનું રાજ્યક્ષેત્ર

(3) ભારતનું રાજ્યક્ષેત્ર,
(ક) રાજ્યોનાં રાજ્યક્ષેત્રોનું;
2[(ખ) પહેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં સંઘ રાજ્યક્ષેત્રોનું; અને]
(ગ) સંપાદિત કરવામાં આવે તેવાં બીજા રાજ્યક્ષેત્રોનું બનશે.

2. કાયદાથી સંસદ પોતાને ઉચિત લાગે તેવી બોલીઓ અને શરતોએ સંઘમાં નવાં રાજ્યોને દાખલ કરી શકશે અથવા તેમની સ્થાપના કરી શકશે.

નવાં રાજ્યોને દાખલ કરવા અથવા તેમની સ્થાપના કરવા બાબત.

3.સંસદ, કાયદાથી -
(ક) કોઈ રાજ્યમાંથી પ્રદેશ અલગ પાડીને અથવા બે કે વધારે રાજયો કે રાજ્યોના ભાગોને જોડીને
અથવા કોઈ પ્રદેશને કોઈ રાજ્યના ભાગ સાથે જોડીને નવું રાજ્ય રચી શકશે;
(ખ) કોઈ રાજ્યનો વિસ્તાર વધારી શકશે;
(ગ) કોઈ રાજ્યનો વિસ્તાર ઘટાડી શકશે;
(ઘ) કોઈ રાજ્યની સીમાઓ બદલી શકશે;
(ચ) કોઈ રાજ્યનું નામ બદલી શકશે :

[પરંતુ કોઈપણ વિધેયક રાષ્ટ્રપતિની ભલામણ સિવાય અને તે વિધેયકમાંની દરખાસ્ત5 કોઈપણ રાજ્યના વિસ્તાર, સીમાઓ અથવા નામને અસર પહોંચાડતી હોય ત્યાં, રાષ્ટ્રપતિ તે વિધેયક તે રાજ્યના વિધાનમંડળ ઉપર, નિર્દિષ્ટ કરવામાં આવે તે મુદતની અંદર અથવા તેઓ આપે તેટલી વધુ મુદતની અંદર, તેની ઉપર તેનાં મંતવ્યો દર્શાવવા માટે મોકલી આપે અને તે રીતે નિર્દિષ્ટ કરી અથવા છૂટ આપેલી મુદત પૂરી થાય તે સિવાય, તે હેતુ માટે એ વિધેયક સંસદના બેમાંથી એકે ગૃહમાં રજૂ કરી શકાશે નહિ].

ચિત્ર 5.5 ભારતના બંધારણનું પ્રથમ પાનું (સ્રોત ભારતનું બંધારણ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર, 2000)

ચૂકશો નહીં

જુવાનજેંગ (Xuanzang) અગાઉનો ઉચ્ચાર હેન ત્સાંગ કરાતો.) સાતમી સદી સા.સં. (CE)માં ચીનથી ભારતની યાત્રા કરી હતી. તેમણે ભારતના ઘણા પ્રદેશોમાં પ્રવાસ કર્યો, અહીંના વિદ્વાનો સાથે મુલાકાત કરી, બૌદ્ધ ગ્રંથોને એકત્રિત કરીને 17 વર્ષ પછી ચીનમાં પાછા ફર્યા હતા. તે હસ્તપ્રતોનો અનુવાદ ચીની ભાષામાં કર્યો હતો. ત્યાર પછીની સદીઓમાં ઘણા ચીની વિદ્વાનોએ ભારતનું ભ્રમણ કર્યું હતું.



એક અન્ય ચીની શબ્દ 'તિઆનઝૂ' પણ 'સિંધુ' પરથી લેવામાં આવ્યો છે, પરંતુ આ શબ્દને 'સ્વર્ગતુલ્ય સ્વામી' તરીકે પણ સમજી શકાય છે. આ દર્શાવે છે કે ચીનના લોકોને બૌદ્ધની ભૂમિના રૂપે ભારત પ્રત્યે કેટલો આદર હતો?

તમે હાલમાં હિંદુસ્તાન' શબ્દ જે અર્થમાં પ્રયોજાય છે તેનાથી પરિચિત હશો, પરંતુ તમે એ જાણતા નહીં હોય કે આ શબ્દનો આજથી 1800 વર્ષ પહેલાં એક ફારસી શિલાલેખમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પછીથી ભારત પર આક્રમણ કરનારા લોકોએ ભારતીય ઉપખંડનું વર્ણન કરવા માટે આ શબ્દનો ઉપયોગ કર્યો.

ચાલો, શોધીએ

શું તમે ભારત માટે વપરાયેલાં જુદાં જુદાં નામોથી આ કોષ્ટક પૂર્ણ કરી શકશો ?

ફારસી	
ગ્રીક	
લેટીન	ઇન્ડિયા
ચાઇનીઝ	
અરેબિક અને ફારસી	
અંગ્રેજી	ઇન્ડિયા
ફ્રેન્ચ	ઇન્ડે



આપણે આગળ વધીએ તે પહેલાં...

→ ભારત એક પ્રાચીન ભૂમિ છે, તેને ઇતિહાસમાં ઘણાં નામ આપવામાં આવ્યાં છે.

→ પ્રાચીન ભારતીયો દ્વારા આપવામાં આવેલાં નામોમાં 'જંબૂદ્વીપ' તથા 'ભારત'નો સમાવોશ થાય છે. ત્યાર પછીના સમયમાં 'ભારત' શબ્દ વધુ પ્રચલિત થયો તેથી વિશેષ કરીને ભારતીય ભાષાઓમાં નામ મળી આવે છે.

→ ભારતમાં આવેલા વિદેશી મુસાફરો અને આક્રમણકારીઓએ ભારત માટે સિંધુ અથવા સિંધુ નદી આધારિત નામોનો ઉપયોગ કર્યો છે. તેના પરિણામ સ્વરૂપે 'હિંદુ', 'ઇન્ડોઇ' અને અંતે 'ઇન્ડિયા' જેવાં નામ બન્યાં.

પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ

1. પ્રકરણની શરૂઆતમાં આપેલા અવતરણનો અર્થ શું છે ? ચર્ચા કરો.
2. વાક્ય વાંચો અને તે ખરાં છે કે ખોટાં તે જણાવો
   - → ઋગ્વેદમાં ભારતની સંપૂર્ણ ભૂગોળનું વર્ણન છે.
   - → વિષ્ણુ પુરાણમાં સંપૂર્ણ ઉપખંડનું વર્ણન છે.
   - → અશોકના સમયમાં, 'જંબુદ્વીપ'માં વર્તમાન ભારત, અફઘાનિસ્તાનનો કેટલાક ભાગ, બાંગ્લાદેશ અને પાકિસ્તાનનો સમાવેશ થતો હતો.
   - → મહાભારતમાં ઘણા પ્રદેશોની યાદી છે, જેમાં કાશ્મીર, કચ્છ અને કેરળ સહિત કેટલાક પ્રદેશોનો ઉલ્લેખ કરાયો છે.
   - → 'હિન્દુસ્તાન' શબ્દનો ઉપયોગ 2000 વર્ષ પહેલાં સર્વપ્રથમ એક યુનાની ગ્રીક શિલાલેખમાં કરવામાં આવ્યો હતો.
   - → પ્રાચીન ફારસી ભાષામાં, 'હિંદુ' શબ્દ હિંદુ ધર્મનો ઉલ્લેખ કરે છે.
   - → ઇન્ડિયાને વિદેશી યાત્રીઓ દ્વારા ભારત નામ આપવામાં આવ્યું હતું.
3. જો તમારો જન્મ 2000 વર્ષ પહેલાં થયો હોય અને તમને તમારા દેશનું નામ પાડવાની તક મળે તો તમે કયું નામ પસંદ કર્યું હોત? શા માટે ? તમારી કલ્પનાશક્તિનો ઉપયોગ કરો !
4. પ્રાચીન કાળમાં વિશ્વના જુદા જુદા ભાગોમાંથી લોકો યાત્રા શા માટે કરતા હતા ? આટલી લાંબી યાત્રા કરવા પાછળ તેમનો શું હેતુ હતો? (સંકેત : ઓછામાં ઓછા ચાર કે પાંચ હેતુઓ જણાવો.)